**કાર્યપાલક ઈજનેર**

एक कदम स्वच्छता की ओर

સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન–બી(કનકપુર),
સ્વામિનારાયણ મંદિરની
બાજુમાં,કનકપુર, સુરત
FAX : 91-0261-2272147
PHONE : 6359905030

નં. સા.ઝોન–બી /ટેક/૨૬૬૬
તા.૨૨/૦૭/૨૦૨૬

**પ્રતિ,**

.........................
.........................
.........................
.........................

**વિષયઃ–** સાઉથ ઝોન–બી (કનકપુર)નાં ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), મોજે–ઉન–ઉન ગામતળ અને ટી.પી. સ્કીમ નં. ૬૭ (જીઆવ–બુડીયા–ગભેણી–સોનારી)નાં સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારની ગલીઓમાં હયાત નળ કનેકશનો/ લાઈનો રીપેર કરવાનું તથા નવા નળ કનેકશનો/ લાઈનો નાંખવાનું તેમજ સુરત મહાનગરપાલિકાની મિલ્કતોમાં નવા નળ કનેકશન આપવાનું તેમજ રીપેર કરવાનું કામ.

**મહાશય,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સાઉથઝોન–બી (કનકપુર) વિસ્તારમાં ઉકત વિષયમાં જણાવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ કામે MDPE પાણીની નળીકા નાંખવાના/નળ કનેકશન કરવાના કામે માલ સામાન તથા મજુરી કામ સહિત સ્થાયી સમિતી ઠરાવ નં.૬૫૬/૨૦૨૪, તા.૦૭/૦૩/૨૦૨૪ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવો અને શરતોને અનુસાર કરાવવામાં આવનાર છે. સદર મંજુર યુનિટ રેઈટ મુજબ કામગીરી કરવા તમો ઈચ્છુક હવો તો તા.૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને આપની લેખિત સંમતિ બાનાની રકમ સહિત રજુ કરશો. મુદત વિત્યા બાદ કોઈપણ સંમતિપત્ર સ્વીકારવામાં આવશે નહી. એક કરતા વધુ કામે સંમતિ આપવા ઈચ્છુક ઈજારદારે દરેક કામ દીઠ અલગ અલગ સંમતિપત્રો આપવાના રહેશે.

ઉકત કામે એક થી વધુ સંમતિપત્ર આવે એવા સંજોગોમાં કોઈપણ એક ઈજારદારને કામની સોંપણી કરવાનો હક સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે અંગે કોઈપણ ઈજારદાર વાંધો લઈ શકશે નહી.

સંમતિપત્ર સાથે બાનાની રકમ માટે " કમિશ્નરશ્રી–સુરત મહાનગરપાલિકા " ના નામનો સુરત સ્થિત રાષ્ટ્રીયકૃત/શીડયુલ બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર રજુ કરવાનો રહેશે. બાનાની રકમ વગરનું સંમતિપત્ર રદ થવાને પાત્ર છે. ઈજારદારે સંમતિપત્ર સાથે મ્યુનિસિપલ વોટર લાયસન્સ સર્ટીફીકેટ, વેલીડીટી ધરાવતુ બેન્ક સોલવંશી સર્ટીફીકેટ, છેલ્લા ત્રણ વર્ષના અનુભવના પ્રમાણપત્ર (વર્કઓર્ડર/વર્કકમ્પલીશન સર્ટીફીકેટ), જી.એસ.ટી.રજીસ્ટ્રેશન, પી.એફ.રજીસ્ટ્રેશન નંબર, લેબર લાયસન્સની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.સરકારશ્રીના પ્રવર્તમાન તથા વખતોવખત બદલાતા જી.એસ.ટી.અંગેના નિયમો બંધનકર્તા રહેશે. જેની નોંધ લેશો.

## <u>પરિશિષ્ટ</u>

| અ.નં. | કામનું નામ | ટેન્ડર રકમ | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧. | સાઉથ ઝોન–બી (કનકપુર)નાં ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), મોજે–ઉન–ઉન ગામતળ અને ટી.પી. સ્કીમ નં. ૬૭ (જીઆવ–બુડીયા–ગભેણી–સોનારી)નાં સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારની ગલીઓમાં હયાત નળ કનેકશનો/ લાઈનો રીપેર કરવાનું તથા નવા નળ કનેકશનો/ લાઈનો નાંખવાનું તેમજ સુરત મહાનગરપાલિકાની મિલ્કતોમાં નવા નળ કનેકશન આપવાનું તેમજ રીપેર કરવાનું કામ. | રૂ.૫,૦૦,૦૦૦/– | રૂ.૫,૦૦૦/– |

ઉપર જણાવેલ કામ અંગે ઈજારદારોએ સંમતિ પત્ર સાથે ઈ.એમ.ડી., રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ તથા જી.એસ.ટી નંબરની નકલ આપવાની રહેશે.

**sd/-**
કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–બી(કનકપુર)
સુરત મહાનગરપાલિકા